અપીલ અરજી નં.૧૦૭ તા.૧૭–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી કુસુમબેન જગજીવનભાઈ પટેલ

સામાવાળાઃ–ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કુસુમબેન જગજીવનભાઈ પટેલની તા.૯–૬–૦૯ ની અરજીથી જહાંગીરાબાદ સીમમાં રે.સ. નં.૨૮/૨, ૨૯/૨ માં રવજીનગર હા.સો.માં પાડવામાં આવેલ પ્લોટ નં.૪૦ ના વેરાબીલ સને ૧૯૯૧,૯૨,૯૩ ૯૪,૯૫ થી ૨૦૦૭ સુધી કઈ બેન્કમાં ચેક નંબર અને કેટલા રૂપિયા કોના હસ્તક ભર્યાની વિગતોની માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** *:*– અરજદાર મજકુરની તા.૧૭–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૦૭/૨૦૦૯–૧૦

શ્રી કુસુમબેન જગજીવનભાઈ પટેલની તા.૯–૬–૦૯ ની અરજીથી જહાંગીરાબાદ સીમમાં રે.સ. નં.૨૮/૨, ૨૯/૨ માં રવજીનગર હા.સો.માં પાડવામાં આવેલ પ્લોટ નં.૪૦ ના વેરાબીલ સને ૧૯૯૧,૯૨,૯૩ ૯૪,૯૫ થી ૨૦૦૭ સુધી કઈ બેન્કમાં ચેક નંબર અને કેટલા રૂપિયા કોના હસ્તક ભર્યાની વિગતોની માહિતી આપવા બાબતે માંગ્યા મુજબની માહિતી અંગે નહીં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, તા.૩૦–૬–૦૯ ના તેઓના પત્ર બાદ અરજદારે તા.૭–૭–૦૯ ના રોજ ભરેલ દસ્તાવેજ ફી અન્વયે માહિતી નકલો પૂરી પાડેલ છે કે કેમ? કયારે? ન પાડી હોય તો તેના કારણોની વિગતો સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૮ તા.૨૪–૭–૦૯ થીઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી વેસ્ટઝોન/ આરટીઆઈ/આ..૨૪૪ તા.૩–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારને વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૨ તા.૩૦–૬–૦૯ થી અરજદારને રૂા.૨/– ભર્યેથી ઉપલબ્ધ માહિતીની નકલ મળી શકશે તેવા પાઠવેલ પત્રની નકલ રજૂ કરેલ છે તથા તેની સાથે ૧–૪–૨૦૦૨ થી ૩૧–૩–૨૦૦૯ સુધીની સ્થિતિના પાર્ટી સ્ટેટસની પ્રમાણિત નકલ પૂરી પાડયાની નકલો પૂરી પાડેલ છે.

અરજદારની તા.૯–૬–૦૯ ની અરજીથી જહાંગીરાબાદ સીમમાં રે.સ. નં.૨૮/૨, ૨૯/૨ માં રવજીનગર હા.સો.માં પાડવામાં આવેલ પ્લોટ નં.૪૦ ના વેરાબીલ સને ૧૯૯૧,૯૨,૯૩ ૯૪,૯૫ થી ૨૦૦૭ સુધી કઈ બેન્કમાં ચેક નંબર અને કેટલા રૂપિયા કોના હસ્તક ભર્યાની વિગતોની માહિતી આપવા બાબતની માંગણી કરવામાં આવેલ. જે પૈકી અરજદારે કઈ બેન્કનો ચેક નંબર કેટલા રૂપિયા અને કોના હસ્તક, તેની વિગતો માંગવામાં આવેલ છે. જે અંગે અપીલ અરજીમાં માહિતી માટેના નાણા ભર્યા છતાં વિગતવાર માહિતી મળેલ નથી. અને તે અંગે કાયદેસર દંડાત્મક પગલા લેવાની રજૂઆત કરેલ છે. અરજદારને પૂરા પાડવામાં આવેલા પાર્ટી સ્ટેટસમાં સને ૨૦૦૨–૦૩ થી સને ૨૦૦૮–૦૯ માંગવામાં આવેલી માહિતી મુજબ ચેકની વિગતમાં કઈ બેન્ક અને બ્રાન્ચ, ચેક નંબર અને તારીખની ઉપલબ્ધ વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જયારે સને ૧૯૯૧ થી ૨૦૦૧–૦૨ સુધીની માહિતી પૂરી પાડેલ જણાતી નથી. તેમજ નહીં પૂરી પાડવા અંગે કોઈ કારણ કલમ–૮,૯કે ૧૧ હેઠળ પૂરું પાડેલ જણાતું નથી. તેમજ અરજદારે તે અંગે અપીલ તબકકે રજૂઆત કરેલ નથી. આરટીઆઈ કાયદાની કલમ ૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે મુજબની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦(૩) મુજબ રાજય માહિતી આયોગને છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે માંગેલ માહિતી પૈકી નહીં પૂરી પાડેલ સને ૧૯૯૧ થી ૨૦૦૧–૦૨ સુધીની માંગેલ માહિતી બાબતે ઉપલબ્ધ દફતરી માહિતી અનુસાર આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને માહિતી પૂરી પાડવા અન્યથા માહિતીના ઈન્કાર માટે કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ યોગ્ય અપવાદ અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૮ – ૦૯

ડે.***કમિશનર(જનરલ),***

***અને એપેલેટ ઓફિસર***

***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, (રાંદેરઝોન) ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી કુસુમબેન જગજીવનભાઈ પટેલ